સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ફરી સ્વભાવગત ભાંગફોડ, શરૂ થઈ ગઈ,
સભ્યોની ખરીદીને તોડફોડ, શરૂ થઈ ગઈ!
ડફોડ ને પદ-પૈસાની લાલચથી લોભાવીને
સત્તા વિસ્તરણની તડજોડ, શરૂ થઈ ગઈ...

હાઈકુ

હયમચાવે,
લોકશાહીના પાયા,
રાવણ-શક્તિ...

શત્રુને પણ
સાંખે સહિષ્ણુ બની -
‘રાજપુરુષ’

ચિંતન

સર્વાગમનાં આચારઃ પ્રથમં પરિકલ્પયે ।
આચારપ્રભવો ધર્મો ધર્મસ્યપ્રભુરચ્યુતઃ ॥

ઉપરોક્ત સુભાષિત રત્નાવલીમાંથી લેવામાં આવેલ છે.

બધા જ ધર્મશાસ્ત્રોમાં આચરણને મુખ્ય મહત્ત્વ અપાયું છે. આચરણથી જ ધર્મ ઉત્પન્ન થાય છે, જયાં ધર્મ છે, ત્યાં ભગવાન વિષ્ણુ છે.

સત્ય અને સદાચાર બધા જ ધર્મોનો મુખ્ય આધાર પાયો છે કોઈ ધર્મ દુરાચાર અને અસત્યને આવકારે નહીં જ. સત્ય અને સદાચાર હોય તો જીવનમાં વિવેક આવે છે આ સાચા-ખોચાનો નિર્ણય એ જ ધર્મનું આચરણ છે. બાકી પોતાના પંથનો ‘ગણવેશ’ અને બાહ્ય ઓળખ ચિન્હો કંઈ ‘ધર્મ’ નથી.

સુવિચાર

- ખડક ઉપર ઊભા હોય તેમ શ્રદ્ધામાં અડગ રહેનારા વધુને વધુ સુખી છે - **અરવિંદ**
- પ્રભુ દોરી શકે છે, તે હાંકતા નથી - **બોધિવૃક્ષ**
- અજ્ઞાન પેસવા ના દે, એનું નામ ‘જ્ઞાન’ - **ડો. નીરુબહેન અમીન**
- પોતાની જાત ઉપર મેળવેલો પ્રત્યેક વિજય
  વધુ વિજય મેળવવા માટેની શક્તિ છે - **એસ.ભટ્ટાચાર્ય**
- સૌથી મહાન શક્તિ તો સૌથી મહાન મુશ્કેલીઓમાંથી જ જમે છે - **રમણ મહર્ષિ**
- સમાજના ઘણા લોકોએ ધર્મના બખ્તર પહેર્યા છે અને અંદર અધર્મ જીવે છે - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : આંબળાનું ચૂરણ મૂળા સાથે ખાવાથી મૂત્રાશયની પથરી નીકળી જવાના ચાન્સ રહે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક વિખ્યાત ત્રિત્રકારે છ મહિના ભારે મહેનત કરીને એક સુંદર ચિત્ર તૈયાર કર્યું. વિષય વસ્તુ, રેખાંકન. વિવિધ રંગોની મિલાવટ, છાયા-પ્રકાશનું સંયોજનનું ઉત્તમ રીતે થવાથી ચિત્રકલાનો અદ્‌ભૂત નમૂનો હતું. એક શ્રીમંતે આ ચિત્રના લાખ રૂપિયા આપવાની તૈયારી બતાવી. ચિત્રકારે ના પાડી દીધી. ચિત્રકારના પત્નીએ કહ્યું, ‘તમે લોભ ન કરો, લાખ રૂપિયા કંઈ ઓછા નથી. આમ પણ આપણે આર્થિક તંગી વેઠી રહ્યા છીએ. જો શેઠ લાખ રૂપિયા આપતા હોય તો સોદો કરી નાખો. આપણે પૈસાની તકલીફમાંથી છુટકારો મળે.’ ચિત્રકારે કહ્યું, ‘ચિત્રની કિંમત બાબતે તમને ઝાઝી ખબર ન પડે. ચિત્રની સાચી કિંમત જાણનારો અને ચૂકવનારો આવશે જ એની મને શ્રદ્ધા છે.’ પત્ની તો બિચારી ચૂપ થઈ ગઈ. શેઠે એક લાખથી વધારીને બે લાખ આપવાની તૈયારી બતાવી. તેમ છતાં ચિત્રકારે ના પાડી. એક દિવસ બદનસીબે એ ચિત્ર ચોરાઈ ગયું. પત્નીએ કકળાટ શરૂ કર્યો. મૂડી ચોરાઈ ગઈ, હવે શું ? મારી વાત માની હોય તો ? પૈસાની કેટલી તકલીફ છે? ચિત્ર વેચી નાખ્યું હોત તો ?? આપણી સંકડામણ તો ઓછી થાય. ચિત્રકારે પત્ની ને શાંત પાડતા કહ્યું, ‘મૂડી ચોરાઈ ગઈ એવું ન કહેશો. હા. એક કિંમતી ચિત્ર ચોક્કસ ચોરાઈ ગયું. પરંતુ એ આપણી મૂડી નહોતું. માત્ર ચિત્ર હતું. મારી મૂડી તો મારી પાસે જ છે.’

આટલું કહી ચિત્રકારે પોતાનાં હાથમાં રંગ અને પીંછી બતાવીને કહ્યું, ‘હજી, મારી આંતરિક ચેતના અને કલા સાબુત છે. મારું કલ્પના કરતું મગજ હજી એનાથી સારું ચિત્ર કલ્પી શકે તેમ છે. અને એ જ મારી આંતરિક કલા સમૃદ્ધિ છે કે જે હજી ચોરી શકાતી નથી.’ આટલું બોલી ચિત્રકારે ફરી પીંછી ઉપાડી. પેલા ચોરાઈ ગયેલા ચિત્રને ભૂલાવી દે તેવું અનન્ય સર્જન કરવા પોતાની તમામ શક્તિ સાથે મંડી પડ્યો.

દેશની સરકાર પ્રત્યેની અપેક્ષાઓ ફળશે

તંત્રીસ્થાનેથી...

દેશના વડાપ્રધાન તરીકે વિક્રમી બહુમતીથી સળંગ બીજીવાર આરૂઢ થનાર નરેન્દ્રભાઈ મોદી માત્ર ગુજરાતના નહીં, દેશના જ નહીં બલ્કે વિશ્વના મહત્ત્વપૂર્ણ નેતા તરીકે ઊપસી આવ્યા છે. નહેરુ પછી મોદીએ જ વૈશ્વિક કક્ષાએ આટલું મોટું ગજું કાઢ્યું છે. એક તબક્કે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે હોવા છતાં એમના માટે અમેરિકા અને બ્રિટન જેવાં લોકશાહી રાષ્ટ્રોએ અત્યંત અપમાનજનક વ્યવહાર કરેલો અને પ્રવેશબંધી ફરમાવેલી. એ જ અમેરિકા અને યુરોપના દેશોએ મોદીએ ગુજરાતમાં સતત ચૂંટણી જીતી હેટ્રિક કરી ત્યારે એમના માટે લાલ જાજમ બિછાવી. પછીનો ઈતિહાસ જાણીતો છે. ઓબામાને નામજોગ સંબોધન કરવાથી લઈ બાથમાં લેવાની હિંમત દુનિયાનો અન્ય કોઈ નેતા ભાગ્યે જ કરી શક્યો હોત. મોદીમાં ગુરુતાગ્રંથિ છે જે એમને બાળપણમાં મગરનું બચ્ચું પકડી લાવવાથી લઈ વિશ્વનેતાઓને પોતાની શરતે મૈત્રીભાવ રાખવા મજબૂર કરે છે. આ વખતની ચૂંટણી વિકાસ કે રોજગારીના મુદ્દે લડાઈ હોત તો મોદી રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગયા હોત. એમણે કુદરતે આપેલી તક ઝડપી લીધી. રાષ્ટ્રવાદના મુદ્દે તેઓ છવાઈ ગયા અને ભલભલા નેતાઓને કારમી હારનો સામનો કરવો પડ્યો.

સંકલ્પ કર્યો હતો એ મુજબ ભાજપ પોતાની તાકાત પર ત્રણસોથી વધારે બેઠકો મેળવીને ઈતિહાસ રચી શક્યો. મોદીને આ સંકલ્પ સિદ્ધિમાં સૌથી મોટી મદદ અને હૂંફ એમના ગુજરાતી સાથી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ તરફથી સાંપડી છે. અમિત શાહ ખરા અર્થમાં ચૂંટણીના ચાણક્ય સાબિત થયા છે. એમને અથાગ પરિશ્રમનો પુરસ્કાર ન આપે તો તે મોદી નહીં. કૅબિનેટમાં રાજનાથસિંહ પછીના ક્રમે કૅબિનેટ મંત્રી તરીકે શપથ લેનાર અમિત શાહ ગુજરાત સરકારમાં રાજયકક્ષાના ગૃહમંત્રી હતા અને પુરુષોત્તમ રૂપાલા વર્ષો અગાઉ કૅબિનેટ કક્ષાના મંત્રી હતા. સમયની બલિહારી છે કે બદલાયેલા સંજોગોમાં અમિત શાહનું કદ એટલું વધી ગયું છે. રાજનાથસિંહનો ઉપકાર મોદી ભૂલી શક્યા નથી. જેટલી અને સુષમા સ્વરાજ જાતે જ રિંગની બહાર નીકળી ગયાં છે. ગડકરીનાં વિવાદાસ્પદ વિધાનો છતાં એમના સંઘ સાથેના સંબંધો અને કાર્યક્ષમતાને કારણે એમનું કૅબિનેટ મંત્રી તરીકેનું પદ જળવાઈ ગયું છે. પરંતુ વિદેશ સચિવ તરીકે યાદગાર કામગીરી બજાવનાર જયશંકરને ચૂંટણી લડ્યા વગર જ કૅબિનેટપદ હાંસલ થયું છે, તે મોદીની દૂરંદેશી સૂચવે છે. વિદેશમંત્રી તરીકેની મહત્ત્વની જવાબદારી એમને સોંપાઈ હોય તો તે યોગ્ય જ લેખાશે. રવિશંકર પ્રસાદ, ડૉ. વર્ષવર્ધન, પિયુષ ગોયલ વગેરે પોતપોતાની રીતે મજબૂત નેતાઓ છે. શિવસેના શાંત રહી છે કારણ કે મોદી સાથે પંગો લેવામાં ફાયદો નથી એની પ્રતીતિ થઈ ચૂકી છે.

સરવાળે, મોદીએ સૌને પુનઃ અચંબામાં નાખી, એક અભૂતપૂર્વ જીત મેળવી છે અને એમનું મંત્રીમંડળ પણ સક્ષમ દેખાઈ રહ્યું છે. એ જોતાં દેશની એમના પ્રત્યેની અપેક્ષાઓ ફળે એવી આશા અસ્થાને નથી.

ભગવાન કો મિલને કે લિયે લોગ મંદિરો મેં જાતે હૈ, અપની બેગ મેં ઉસકી તસવીર રકતે હૈ, ગાડી મેં ફોટો ટાંગતે હૈ, લેકીન અપને દિલ મેં ઉસકો નહીં રખતે

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા
jayuoza@gmail.com

ભગવાન કો મિલને કે લિયે લોગ મંદિરો મેં જાતે હૈ, અપની બેગ મેં ઉસકી તસવીર રકતે હૈ, ગાડી મેં ફોટો ટાંગતે હૈ, લેકીન અપને દિલ મેં ઉસકો નહીં રખતે
- રાઝ - મિસ્ટ્રી કન્ટીન્યુ

ઈ.સ. ૨૦૦૯માં મોહિત સૂરી દિગ્દર્શિત ‘રાઝ મીસ્ટ્રી કન્ટીન્યુસ’ ફિલ્મ રાજ સિરીઝની બીજી ફિલ્મ હતી. ઈ.સ. ૨૦૦૨માં વિક્રમ ભટ્ટ દિગ્દર્શિત રાજનો બીજો ભાગ ૨૦૦૯માં આવ્યો. આ ‘સુપરનેચરલ હોરર’ ફિલ્મે ભારતીય દર્શકોને હોલીવુડની હોરર ફિલ્મો જેવી અનુભૂતિ કરાવવામાં ઘણો મોટ ભાગ ભજવ્યો હતો.

ઈમરાન હાશ્મી - કંગના રણૌત અને અધ્યયન સુમન અભિનિત આ ફિલ્મ સુપર હિટ સાબિત થઈ હતી. શગુફ્તા રફીકે આ ફિલ્મના સંવાદો લખ્યા છે.

ઈશ્વરને શોધવા માટે તો હંમેશથી આપણે બહાર જ હવાતીયા મારતા રહ્યાં છીએ... ઈશ્વર આપણી માંહે જ વસે છે, તે તો આપણે જાણીએ છીએ પરંતુ નથી જાણતા...

આ જ અર્થનો એક શ્લોક ચાણકયનીતિ દર્પણમાં મળી આવે છે.

ન દેવો વિદ્યતે કાષ્ઠે ન પાષાણે ન મૃણ્યતે ।
ભાવે હિ વિદ્યતે દેવસ્તસ્માદ્‌ભાવો હિ કારણમ્ ॥

- દેવતા કાષ્ઠ, પથ્થર અથવા માટીની મૂર્તિમાં નથી હોતા, દેવતા કેવલ ભાવમાં વિદ્યમાન હોય છે, માટે ભાવ જ આનું મૂળ કારણ છે.

‘ચાણકયનીતિ દર્પણ’ પણ ‘ચાણકયનીતિ’ ની જેમ મહાન અર્થશાસ્ત્રી અને રાજનીતિજ્ઞ ચાણકયની જ રચના મનાય છે.

આશરે બીજીથી ત્રીજીની વચ્ચે ચાણકયનો સમય માનવામાં આવે છે, ‘ચાણકય’નું આ કર્તૃત્વ મૌર્યયુગ પછી અપ્રાપ્ય હતું જે છેક ૧૯મી સદીની શરુઆતમાં ઈ.સ. ૧૯૦૫માં ગ્રંથપાલ રુદ્રપટના શામસાસ્ત્રીએ ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટીટયુટ, મૈસુર ને આ ગ્રંથની હસ્તપ્રત સોંપી હતી.

‘ચાણકય’ જેવા મહાજ્ઞાની વિદ્વાનની તે સમયે આ ગ્રંથમાં લખાયેલી વાતો આજે પણ એટલી જ પ્રસ્તુત છે, અને ભવિષ્યમાં પણ રહેશે...

વાર્તાવાચિકમ્ કાર્યક્રમ યોજાયો

વૃત્તસંચય

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજાતા સાહિત્યિક કાર્યક્રમોના કાર્યક્રમ ‘વાર્તાવાચિકમ્’ કાવ્ય પઠન, એકાંકી પઠન અંતર્ગતનો સાહિત્યિક કાર્યક્રમ તા. ૨૬-૦૫-૨૦૧૯ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે યોજાઈ ગયો, જેમાં સૌ પ્રથમ સ્વ. કવિ નીરવ પટેલ તથા સુરતના ગમખ્વાર અગ્નિકાંડમાં હોમાયેલ બાળકોને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી.

મંત્રી મૂળજીભાઈ દધિ દ્વારા સર્વનું સ્વાગત કરી, પ્રમુખ ડૉ. મોહન પરમાર દ્વારા મહેમાનો, કવિ, વાર્તાકાર અને નાટ્યકાર પ્રો. યશવંત વાઘેલા દ્વારા તથા નાટ્યકાર પ્રૌ. મૌલિકરાજ શ્રીમાળીની ઓળખનાં ઓજશ હરગોવિંદ મકવાણા દ્વારા પાથરવામાં આવ્યા. ત્યારબાદ પ્રો. યશવંત વાઘેલાએ સ્વરચિત એકાંકી ‘મહાભિનિષ્ક્રિમણ’નું પોતાની આગવી શૈલી અને નાટ્યછટામાં પઠન કર્યું. ત્યારબાદ પ્રૌ. મૌલિકરાજ તેઓ લિખિત એકાંકી ‘ઉર્ફે આલો’નું પઠન કર્યું, જેમાં નોંધનીય બાબત એ હતી કે આ નાટકના કલાકારો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સમયાંતરે છટાદાર સંવાદો બોલી, ઉપસ્થિત સર્વેને અભિભૂત કર્યા હતા. આ રજૂ થયેલ કૃતિઓ અન્વયે ડૉ. મોહન પરમાર; દલપત ચૌહાણ; રામ સોલંકી, રમણ વાઘેલા, યશવંત ચૌહાણ, મૂળજી પરમાર દધિ અને રજૂ થયેલ કૃતિઓના વિચાર - વિમર્શમાં ઊંડો રસ લીધો હતો. રમણ વાઘેલાએ આભાર દર્શન અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન મૂળજીભાઈ પરમારે કર્યું હતું.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર ‘દધિ’

Muljibhaidadhi@gmail.com
Mo. 9824236893

પાલરવનો પોકાર : આપણું કાળજયી દુહા સાહિત્ય

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

આભ ઉકેલે ભોં ભખે
વેધનકો હિય વેધ,
અગોચર ગોચર કરે
દુહો દસમો વેદ.

દુહો એ તમામ કાવ્ય પ્રકારોમાં સૌથી વિશેષ પ્રચલિત છે. આકાશી તત્વોને તેમજ ભૂમિ તથા તેના તળના જ્ઞાનને સમજવાનો તેમજ ઉકેલવાનો પ્રયાસ દુહામાં થાય છે. ગોચર અગોચરના ભેદી સ્વરૂપની યાત્રા દુહો કરાવે છે. લોક જે બોલે છે તેમજ વિચારે છે તેવી લોકજીવનના ભાવોની રસાળ શૈલિમાં અભિવ્યક્તિ દુહાના માધ્યમથી થાય છે. દુહાના બંધારણની અવગણના કરીને પણ દુહાઓ કહેવાયા છે અને બહોળા સમૂહમાં ઝીલાયા છે. સાંઈ મકરંદે લખ્યું છે કે દુહાની દુનિયા સંસાર જેટલી વિશાળ છે. હાસ્ય, શૃંગાર તથા વીર અને રૌદ્ર રસના અનેક માર્ગે દુહો ઘૂમી વળે છે. દલપતરામ જેવા આપણાં કવિએ માનવ પ્રકૃતિને સહજ એવી વાત દુહાના માધ્યમથી સરળ રીતે કરી છે.

મરતા સુધી મટે નહિ
પડી ટેવ પ્રખ્યાત,
ફાટે પણ ફીટે નહિ,
પડી પટોળે ભાત.

દુહાઓનું સંશોધન તેમજ સંકલન ઝવેરચંદ મેઘાણીએ મોટા પ્રમાણમાં કર્યું. જુદી જુદી લોકકથાઓ તેમજ લોકગીતોના સંદર્ભમાં કંઠોપકંઠ કહેવાતા પ્રાચીન દુહાઓ મેઘાણીના સંશોધન થકી ગ્રંથસ્થ થયા. ગોકુળદાસ રાયચુરા તેમજ જયમલ્લ પરમારે પણ આ દિશામાં નોંધપાત્ર કામ કર્યું. ‘‘સ્વર્ગ ભુલાવું શામળા’’ એ પુસ્તકના માધ્યમથી પ્રાધ્યાપક બળવંત જાની તેમજ ડૉ. અંબાદાન રોહડિયાએ દુહાની આ રસાળ ભૂમિનું રસદર્શન કરાવેલું છે. કવિ દુલા ભાયા કાગના દુહાઓ વ્યાપક રીતે લોકપ્રિય થયા. આ રીતેજ એક મર્મી માનવીનું સ્મરણ થાય કે જેના લખેલા દુહાઓ લોકજીભે સતત રમતા રહ્યા છે. આ મર્મી તથા દુહામાં વેધક વાતો વણી લેનાર પાલરવભા પાલિયાનો પરિચય કરવા જેવો છે. મેઘાણીનું બાળપણ જ્યાં ગયું તેજ પાંચાળ વિસ્તારના પાલરવભા તેમના કહેલા દુહાઓ થકી ચિરંજીવી થયા છે. પાલરવભાનો લખેલો નીચેનો દુહો તો લોકસાહિત્યના શોખીનો માટે અત્યંત પ્રિય તેમજ હાથવગો છે.

કાઠિયાવાડમાં કોક દિ,
ભૂલો પડ્ય ભગવાન,
મારો કરું મેમાન,
(તને) સરગ ભુલાવું શામળા.

આ દુહાના શબ્દો દેશ-વિદેશમાં ગૂંજ્યા છે અને ગુજરાતીઓએ તે વધાવ્યા છે. કવિનો સરળ તથા અર્થસભર શબ્દ કેવો વ્યાપક રીતે ઝીલાય છે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે.

મેઘાણી આ અડીખમ દુહાગીરને અનેક વખત મળેલા હતા. મેઘાણીભાઈને અનેક દુહાઓની પ્રાપ્તિ પાલરવભા પાસેથી થઈ હતી. મેઘાણીએ ‘‘ પોકારીને પાલો ભણે ’’ એવા સૂચક શીર્ષક હેઠળ પાલરવભાના દુહાઓ તેમજ તેમના જીવન વિશે માહિતી આપી છે. મેઘાણીએ લખ્યું છે :

‘‘પાંચાળનો એ પાલરવ ગઢવી પરજિયો ચારણ હતો... દુબળો — પાતળો દાઢીના શ્વેત કાતરા, ઝીણી આંખો અને સફેદ કપડાં.’’ મેઘાણીભાઈએ અવલોકન કર્યું છે કે દુબળા-પાતળા એ દેહમાં પાલરવભા મૂંગા દુઃખની ઊંડી વેદના સમાન હતા. છતાં કોઈ દિવસ પોતાના નિજી સંતાપની વાત કરીને રોદડા રોનાર આ સર્જક ન હતા. વાણીનું ગૌરવ અને જીવતરનું ગૌરવ એ બન્ને એક સાથે પાલરવભાના વ્યક્તિત્વમાંથી પ્રગટ થતાં હતા. દુઃખોના કુંડા પી જઈને કવિતાના નરવા ઓડકાર ખાનાર પાલરવભા આપણાં સર્જકોમાં એક જુદી ભાત પાડે છે. પાલરવભા જ્યાં જ્યાં જતા ત્યાં સાહિત્યની મહેફીલો મંડાતી તેની અનેક વાતો પણ મેઘાણીએ નોંધી છે. પાંચાળના આ પરિવ્રાજક ચારણ અનેક મુશ્કેલીઓ વચ્ચે પોતાનું ગૌરવ સાચવીને જીવ્યો છે.

અનેક વિષયોને આવરી લઈને પાલરવભાએ દુહાઓ કહ્યા છે. જીવાતા જીવન અને તેના ચિંતનની આબેહૂબ પ્રતિતિ આ કવિના દુહાઓમાં થાય છે.

હરખ નથી તોય હાલવું,
હરમત નથી તોય હા,
નાથ કહેવાય નહિ ના
તારા સંદેશાને શામળા.

જીવનના અમીટ સત્યને પાલરવભાના ઉપરના દુહામાં સચોટ રીતે વ્યક્ત કરવામાં આવી છે. કાળદેવતાનું જ્યારે ફરમાન આવે ત્યારે અનંતની યાત્રાએ ઉપડી જવાનો ઉત્સાહ સામાન્ય રીતે કોઈને હોતો નથી. પરંતુ પાલરવભા કહે છે કે શામળાનો આ સંદેશો એવો છે કે કોઈ તેને નકારી શકતું નથી. છેવટના પરિયાણ એ કોઈની પસંદગીનો વિષય નથી. ઝૂંપડી કે મહેલમાં વસનાર તમામમાટે આ ફરમાન એક સરખુંજ છે. સાધનોની ગમે તેવી ઉપલબ્ધી હોય તો પણ આ અંતિમ મુસાફરી સૌએ પગપાળા કરવાની રહે છે. પરંતુ આ મર્મી માણસ પરમાત્માને કહે છે કે તું જ્યાં બોલાવે છે તે સ્વર્ગનું શહેર અમે જોયેલું નથી. આથી ભૂલા પડી જવાય તો? તેથી કવિ ઈશ્વરને વિનવે છે કે તું મને લેવા માટે સામો આવજે !

સરગાપરનું શહેર
નથી ભાળ્યું અમે નજરે,
માધવ કરીને મહેર
(તું) સામો આવજે શામળા.

આ દેવીપુત્ર કવિને મનમાં એવી પણ લાગણી છે કે પોતાની અંત વેળાએ નટવર (કૃષ્ણ) એકલાં ન આવે. અહીં પણ ભાવ અને ભક્તિના હક્કથી પાલરવભા કહે છે કે પોતાના જીવનની અંતિમ ક્ષણોએ કૃષ્ણ સાથેજ તેમને રાધાના પણ દર્શન કરવા છે.

મારી અંતવેળાએ એકલો,
નટવર આવીશ ના,
મારી રાધા મા,
સાથે લાવજે શામળા.

જેના હૈયામાં ભક્તિની ભાગીરથી નિરંતર વહેતી હોય તેની વાણીમાંજ ઊર્મિના આવા મોઝા ઉછળતા હોય છે. માનવીના જીવનનો મોટો ભાગ પેટ પૂરતું પોષણ મેળવવા માટે વિતે છે. કવિ પોતાની પણ આ વાસ્તવિકતાથી સજાગ છે. આથી આ ચિંતા ઓછી થાય તોજ ભક્તિમાં ચિત પરોવી શકાય. આવા સંજોગોમાં પરમ કૃપાળુ પરમાત્મા પાસે ઉદર પોષણની વ્યવસ્થા માટે કવિ વિનંતી કરે છે.

હડસેલા હજાર
પેટ સારું ખાવા પડે,
દિયો તો અન્ન દાતાર,
સૂઝે ભક્તિ શામળા.

જે સર્જકોએ સાહિત્યના વિવિધ સ્વરૂપોનું ખંતપૂર્વક ખેડાણ કરેલું છે તે સૌ આપણાં આદરના અધિકારી છે. સાહિત્યના આવા વિવિધ રસોથી માનવજીવન વધારે સમૃધ્ધ થયું છે. પાલરવભાના દુહાઓ આપણા સમગ્ર સાહિત્યનો એક ઉજળો તેમજ ચિરંજીવી ભાગ છે.

જે હિન્દુ-મુસલમાન બે આનાના મીઠાં ઉપર સવા રૂપિયો કર ભરે તે બધા નિમકહરામ : ગાંધીજી

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

અમદાવાદથી ગાંધીજી દાંડીકૂચ લઈને નીકળ્યા એના પંદરમા દિવસે નડિયાદ, આણંદ જેવા મહત્વના શહેર પછી ભરુચ પહોંચ્યા હતા. ભરૂચ પહોંચતા પહેલા ગાંધીજી અને તેમના સાથીઓએ ઢીંચણ સુધીના પાણી અને કાદવ કિચડવાળી એક ખાડી પાર કરી હતી. ભરૂચ જિલ્લામાં મુસલમાન ભાઈઓની વસ્તી ઘણી હતી. એક મુસ્લિમ યુવાને ગાંધીજીને કહ્યું કે ‘અમારા ગામમાં થી કેમ પસાર થતા નથી?’ ગાંધીજીએ તેમને જવાબ વાળ્યો કે તમે આમંત્રણ આપ્યું હોત તો જરૂર આવત, પણ તમને જાણીને આનંદ થશે કે દાંડીમાં હું એક મુસ્લિમ ભાઈને ત્યાં ઊતરવાનો છું. મારી કાયદા તોડવાની લડતનું મુહૂર્ત મુસલમાન ભાઈના ઘરમાંથી થશે એટલે તમે આમંત્રણ આપ્યું જ માનજો.તમારી દુઆ મળે એ આમંત્રણ મળવા બરાબર છે. દેરોલ પાસે નાનકડું ભાષણ કરતા તેમણે કહ્યું : ‘હવે મારે નવું કહેવાપણું કંઈ જ રહેતું નથી, આ ધર્મયુધ્ધમાં દરેક પોતાનો કંઈ ને કંઈ હિસ્સો આપશે એવી આશા રાખું છું. તમે કહ્યું કે ચંદુભાઈએ મારી પાસે આશીર્વાદ માગ્યા પણ તે આપનાર હું કોણ? હું તો તમારા આશીર્વાદ લેવા નીકળ્યો છું અને ગામેગામથી જે આશીર્વાદ મળી રહ્યા છે તે સાચા હૃદયના હોય તો આશીર્વાદનો પહાડ એટલો મોટો થઈ જાય કે દાંડી પહોંચતા પહેલા ગમે તેવી રાક્ષસી સલ્તનત પણ તેને પ્રતાપે ટાઢીબોળ થઈ જાય.

સત્યાગ્રહી ઈશ્વરના નાદ સાંભળીને લડે છે. ઘણી વખત એવું બને છે કે સત્યાગ્રહી ઉપર આખું જગત થુંકતું હોય, તે વખતે પણ તે ઈશ્વરનો નાદ સાંભળી શકે છે. હું જે કરી રહ્યો છું તે માટે તો આખું હિન્દ દસ વર્ષ થયા એક પગે હતું. ૧૯૨૧ થી હું બે શબ્દો કહેતો આવ્યો છું : પાકીઝગી અને કુરબાની, એટલે આત્મશુદ્ધિ અને બલિદાન. એ વગરના સત્યાગ્રહનો જય નહીં થાય. ઈશ્વર સાથે હોય જ નહિ. જગત કુરબાની ઉપર જુકી જાય છે. આ લડતમાં મને બધાની જ મદદની જરૂર છે અંગ્રેજ ભાઈઓની મદદની પણ જરૂર છે, તેથી તો મેં લડત શરૂ કરતા પહેલા વાઈસરોય સાહેબ ઉપર કાગળ લખ્યો તે એક અંગ્રેજ સાથે મોકલ્યો એનું કારણ પણ એ જ હતું મારે અંગ્રેજોની મદદ પણ જોઈએ છે. મને જો કોઈ વાઈસરોય નીમે તો મારે મહિને ૨૧ હજાર લઈને શું કરવું? મારે તો અપરિગ્રહવૃત રહ્યું એટલે પૈસા તો નકામા પડે. જો હું વાઈસરોય થાવ તો મુસલમાનોને તેમજ પારસીઓને પણ કહું, ખ્રિસ્તીને પણ કહું કે તમારે જોઈએ તેટલું લઈ લો અને બાકી રહે તે મારે માટે એટલે કે હિન્દુઓ માટે રાખવું. હિંદુઓ મને વાઈસરોય થવા જ ન દે. સ્વરાજ મળે તે પહેલાં ભરૂચ એ ગરીબોને સારું શું કરવું જોઈએ? એવો સવાલ કરતા તેઓ ગરીબોના હિતમાં કામ કરવા સમજાવે છે. વધુમાં તેઓ કહે છે ‘જે હિન્દુ મુસલમાન બે આના મીઠાં ઉપર સવા રૂપિયો કર ભરે તે બધા નિમકહરામ છે. આપણી લડાઈ ઈશ્વરને નામે ચાલે છે. લોકો માટે છે. આ લડાઈ મિસ્કીન માટે છે, તવંગરને માટે નથી. મિસ્કીનની લડાઈથી કોણ દૂર રહેવાનું? એવો સવાલ પૂછીને તેઓ ઉપસ્થિત સૌને ન્યાયની લડતમાં જોડાવા માટે આવાહન કરે છે.

રાયમા ગામની સ્વરાજ લડતની પ્રતિબધ્ધતા જોઈ ગાંધીજી અને કૂચ સૈનિકોએ પોતાના બધા રેંટીયા ગામને ભેટમાં આપી દીધાં

ત્યાંથી તેઓ નાવડીમાં આગળ બેસીને કસ્તુરબા, અબ્બાસઅલી તૈયબજી અને એક અમેરિકન દંપતી સાથે નર્મદા નદીમાં અંકલેશ્વર તરફ જાય છે. રાત્રે ૯ વાગ્યે અંકલેશ્વર પહોંચ્યા પછી ત્યાંના હસતી તળાવના કાંઠે છ હજારની જનમેદનીને બાપુ સંબોધન કરે છે. બાપુ ભાષણમાં કહે છે કે આ લડતમાં હિન્દુ-મુસલમાન-ખ્રિસ્તી-પારસી કોઈ બાકી નથી રહેવાનું, એવો કોઈ હોય કે હંમેશને માટે ગુલામ રહેવા ઈચ્છે? ના. કાયમની ગુલામી કોઈ સ્વીકારે જ નહીં. એટલે આ લડતમાં ગુલામીમાંથી મુક્તિ મેળવવા માટે પણ જોડાવાનું છે. કેટલીક વખત એમ બને કે રાજ્ય પરદેશી કહેવાતું હોય પણ કોઈ દુઃખ ન હોય અને અને કેટલાંક કિસ્સામાં રાજ્ય સ્વદેશી હોય ને દુઃખનો પાર ન હોય. એવું જો રાજપીપળાને માટે હોય તો મારે મન પરદેશી રાજ્યમાં અને દેશી રાજ્યમાં કંઈ જ ફેર નથી. આ સભામાં અંકલેશ્વર રેલવે જંકશન હોવાથી રાજપીપળા સુરત અને મુંબઈ તરફના પણ ઘણા બધા માણસો ઉપસ્થિત હતા.

અંકલેશ્વરના મુકામ દરમિયાન ત્રણ નોંધવાલાયક બનાવો બન્યા હતા. પહેલી ઘટના એવી હતી કે દાંડીકૂચના સૈનિકો પૈકીના એક સૈનિકે ભરૂચમાં આઈસક્રીમ ખાધો હતો. સત્યાગ્રહી સૈનિકોની શિસ્ત વિરુદ્ધનું એ કામ હતું. ગાંધીજીને ઘણું દુઃખ થયું હતું. કારણકે ગાંધી સ્પષ્ટ હતા કે કે દેશની સેવા માટે નીકળ્યા છીએ બે ટંક નું ભોજન પણ સાવ સાદુ અને કોઈના ઉપર આર્થિક બોજો ન બની રહે એવું રહેવું જોઈએ. ગાંધીની આ ટેક આઈસક્રીમની ઘટનાના કારણે તૂટી હતી.એટલે તેમને પારાવાર દુઃખ થયું હતું. આ ઉપરાંત બીજી ઘટના એક એવી પણ હતી કે કૂચમાં જોડાયેલા સૈનિકો પૈકી કેટલાક ત્રીજી ટુકડીના સૈનિકો નક્કી કરેલો ક્રમ તોડીને આગળ આવીને વચ્ચે ઘુસી જતા હતા, એટલે બાપુએ એ દિવસથી પહેલી ટુકડી છેલ્લી રહે અને છેલ્લી ટુકડીથી હારની શરૂઆત થાય એવો આ નિર્ણય જાહેર કર્યો હતો. આ ઉપરાંત બાપુએ દાંડીના કાંઠે જ્યારે તેઓ નિમકનો કાયદો તોડે તે પછી આખા દેશમાં અનેક માણસો લડતમાં ઝંપલાવવા તૈયારી કરી રહ્યા હતા તેમને માટે એક નાનકડું અને સાવ

સાદુ પ્રતિજ્ઞાપત્ર નવજીવન અને યંગ ઈન્ડિયામાં પ્રસિદ્ધ કરવા માટે તૈયાર કર્યું હતું. બીજા દિવસે સવારે ગાંધીએ સાથીઓ સાથે અંકલેશ્વર છોડ્યું હતું તે સમયે છગનલાલ જોશી નામના સદ્ગૃહસ્થે બાપુના હાથમાં જે થેલી હતી તે લઈને બાપુનો બોજ ઓછો કરવા માટે માગી ત્યારે ગાંધીજીએ કહ્યું મારો બોજ મારે જ ઉંચકવો જોઈએ‘ અને થેલી તેમણે આપી નહોતી.

આગળ જતા તેમણે માંગરોળ ખાતે ભાષણ આપતા કહ્યું કે આપણે આપણી નબળાઈનો સ્વીકાર કરીએ, પણ આપણને એક રાખનાર તો ઈશ્વર જ છે. આપણું યુદ્ધ સાચેસાચું છે ત્યાં સુધી એમાં ઈશ્વરનો હાથ છે, ત્યાં સુધી આપણે કેમ ન લડીએ? મીઠા વેરો તો ગયો જ સમજો. રહેશે તો કદાચ એક-બે મહિના જ. અત્યાર સુધી કરવેરા હોવા છતાં આપણે નિમકહલાલ રહ્યા પણ હવે તો નિમકહરામ થવાના છીએ. ગાંધી અને તેમના સાથીઓ માંગરોળ થી આગળ રાયમા ગામના રસ્તા તરફ જતા હતા ત્યારે દાંડીકૂચની અગત્યની કામગીરી સંભાળતા ચંદુભાઈને રસ્તે ચાલતા કહયું’ વિદ્યાપીઠના બધા જ રેંટિયા અમે રાયમામાં છોડીને જઈશું, એનો ઉપયોગ રેંટિયાના પ્રચાર માટે કરજો. રેંટીયા તો સુરત જિલ્લામાં મળી જ રહેશે અને નહીં મળે તો તકલીથી ચલાવીશું પણ આ રેંટીયા તો અમે અહીંયા જ છોડીને જઈશું.